**ફો.કેસ.નં. ૧૭૪૯/૨૦૨૪**

**-:: આંક-૧ નીચે હુકમ ::-**

આરોપી સામે ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનુ ચાર્જશીટ રજૂ કરવામા આવેલ છે. જે સબંધેની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીએ તેની સામેનો ગુન્હો કબુલ કરતુ સોગંદનામું આ અદાલતમા આપેલ છે. જેમા પણ આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે. જેથી આરોપીને સમજાવવામા આવેલ છે કે ગુન્હો કબુલ કરવા તે બંધાવેલ નથી. તેમ છતા તે તેમની કબુલાતને વળગી રહેલ છે જેથી આરોપી તરફે કરવામા અવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વેચ્છિક હોવાની ખાત્રી થતાં તે મંજુર કરવામા આવેલ અને આરોપીને તેમની સામેના ઉપરકોત શિક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામા આવે છે. હાલના કેસમા ગુન્હાનો પ્રકાર ઘ્યાને લેતા તથા કેસના સંજોગો ઘ્યાને લેતા અને આરોપીની રજૂઆત, સંજોગો તથા ન્યાયનુ હિત ઘ્યાને લેતા અને આરોપીની રજૂઆત, સંજોગો તથા ન્યાયનુ હિત ઘ્યાને લેતા અને આરોપીને એકવાર સુધરવાની તક આપવાના હેતુથી કાયદાએ સૂચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા માટેના પૂરતા અને વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેમજ અત્રેની કોર્ટ દવારા રાષ્ટ્રીય લોક અદાલતમા સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન આવા પ્રકારના કેસોમા કબૂલાત સ્વિકારી કેસો પૂર્ણ કરાયેલ હોય જે નજર સમક્ષ રાખતા અને **<u>નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતોને ઘ્યાનમાં લેતા</u>** આરોપીને દંડ કરવો જોઈએ તેવુ ન્યાયના હિતમા યોગ્ય જણાય છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવાંમા આવે છે.

**// હુકમ //**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ મુજબ પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧) બી ના ગુના માટે રૂા.૩૦૦/-(અંકે રૂપિયા ત્રણસો પુરા) નો દંડ તથા એમ.વી.એકટની કલમ-૧૮૫ ના ગુના માટે રૂા.૧૦૦૦/-(અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. ઉપરોકત કલમનો દંડ જો આરોપી ન ભરે તો દરેક કલમ દીઠ દંડ ન ભરવા સબબ આરોપીને દિન-૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

મુદ્દમાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલો હોય તે કાયમ રાખવામાં આવે છે તથા જો મુદ્દામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો મુદ્દમાલ વાહનની માલીકીની ખરાઈ કર્યે થી માલીકને વાહન પરત સોંપવું.

હુકમ આજ રોજ બોટાદ મુકામે તારીખ ૨૨ મી, માહે-જુન, સને ૨૦૨૪ નારોજ લોક અદાલતમાં વાચીં સં

ભળાવી જાહેર કર્યો.

**તા. ૨૨/૦૬/૨૦૨૪**
**સ્થળ : બોટાદ**

**(નિતેશ કિશોરભાઈ નાચરે)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**બોટાદ**
**Code GJ-01451**